| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૯/૦૧/૨૦૨૪ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૧/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૬૪ લીટર દેશી દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૩૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૩૫,૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૨/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૫૩/૨૦૨૪

**ચાંદખેડાઃ** લક્ષ્મણસિંહ માનસિંહ ડીંડોડ (ઉ.વ.૫૯)(રહે.ક્રિષ્ના બંગ્લોઝ વિભાગ-૦૨, મોટેરા) એ તા.૨૮/૦૧/૨૦૨૪ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૧/૨૦૨૪ સાંજના ૭/૦૦ થી તા.૨૮/૦૧/૨૦૨૪ ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ અને નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ગ્રાઉન્ડ ફ્લોર રૂમમા આવેલ લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાના ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

## ભુલથી એસીડ પી લેતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૫૪/૨૦૨૪

**અમરાઇવાડીઃ** કાન્તીભાઇ ગાંડાભાઇ જાદવ (ઉ.વ.૩૧)(રહે.વઢીયારીનગર મેલડીમાતાના મંદીર પાસે જોગેશ્વરી રોડ અમરાઇવાડી) તા.૨૬/૦૧/૨૦૨૪ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણીની બોટલ સમજી ભુલથી બોટલમાંથી અસીડ પી લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન તા.૨૮/૦૧/૨૦૨૪ બપોરના ૧૨/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૫/૨૦૨૪**

**સોલા હાઇકોર્ટઃ** સોલા સાયન્સ સીટી રોડ "હાર્મની હરીકેશ" નામની નવી બનતી સાઇટ ખાતે કામ કરતા અને ત્યાંજ રહેતા તસૌવર સ/ઓ મહંમદ કૈયમ (ઉ.વ.૫૧)(મુળ વતનઃ ગામ-પોખરીયા, પોસ્ટ-બેલબારી, જી-કટીહાર, બિહાર) તા.૨૭/૦૧/૨૦૨૪ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે હાર્મની હરીકેશ નામની નવી બનતી સાઇટના ત્રીસમાં માળે પગમાં વાયર આવતા નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા તા.૨૭/૦૧/૨૦૨૪ રાતના ૯/૪૫ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૬/૨૦૨૪**

**ઘાટલોડીયાઃ** પ્રાંજલ સ/ઓ જસવંતલાલ ભાવસાર (ઉ.વ.૪૦)(રહે.બલજીત સોસાયટી, ન્યુ વાડજ) એ બીમારીથી કંટાળી જઇ તા.૨૮/૦૧/૨૪ સવારના ૧૦/૪૫ થી ૧૧/૦૫ વાગ્યા દરમ્યાન શાસ્ત્રીનગર સરદાર પટેલ નગર સોસાયટીના "એચ" બ્લોકના ચૌદમા માળેથી નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જયશ્રીબેન જીતેન્દ્રકુમાર ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** સંજયભાઈ મનાજી વાઘેલા (ઉ.વ.૨૯)(રહે.શહેરી ગરીબ આવાસ યોજનાના મકાન, રેલ્વે લોકયાર્ડ વટવા જી.આઈ.ડી.સી.) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૧/૨૦૨૪ બપોર ના ૩/૩૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ પશ્ચિમ તરફના ભાગે એન.આઈ.ડી. મેદાન પાછળ, વોક-વે નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતકુમાર રણછોડભાઈ ચલાવે છે.

**નરોડાઃ** ધર્મેન્દ્રસિહ વિક્રમસિહ જાડેજા (ઉ.વ.૨૯)(રહે.મહાદેવ રેસીડેન્સી સ્વામિનારાયણ પાર્ક સામે નરોડા મૂળ વતન ગામઃ- નાના ભાડાઇ તા.માંડ્વી જી.કચ્છ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૧/૨૦૨૪ સવારના ૮/૧૫ થી સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રણવીરસિહ હાથીસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી